પાલનપુરમાં જાહેર માર્ગ પર ગંદકીનું સામ્રાજ્ય

પાલનપુર શહેરમાં સ્વચ્છ અને સુંદર શહેરના સૂત્રને પ્રજા સમક્ષ મુકી ભાજપે સત્તા તો મેળવી લીધી પણ સત્તા મળ્યા પછી ગંદકીના ઢગ તો ત્યાં ના ત્યાં જ રહી ગયા. શહેરમાં સામાન્ય વરસાદને કારણે સીમલા ગેટની ભૂગર્ભ ગટરનો કીચડ નગરપાલિકા માર્ગ, સ્ટેશન રોડ અને અંબાજી મંદિર રોડ પર સામ્રાજ્ય જમાવી ચૂક્યો છે. વળી બ્રિજેશ્વર કોલોનીથી કંથેરિયા હનુમાન રોડ પર ગટરોને સાફ કરવામાં તો આવી પરંતુ બહાર કાઢેલા ગંદકીના ડુંગર યથાવત મુકીને નગરપાલિકાના સેનિટેશન વિભાગ નગરજનોને જાણે 'હવે તંદુરસ્ત રહી શકો તો ખરા' તેવી ચેલેન્જ કરી રહ્યો છે. તેવું લાગી રહ્યું છે. ક્યા સ્વચ્છ દિન ઐસે હી આનેવાલે થે ? તેવું નગરજનો હવે પુછી રહ્યા છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

'ગો -ગ્લોબલ'ના ધ્યેય સાથે ઈન હાઉસ કામગીરી સોશિયલ મીડિયા નવી બ્રાંચ શરૂ કરાશે

માહિતી વિભાગની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં બહુમતીથી પસાર

ગાંધીનગર, તા.૧૭

'સેવા એ જ સાધના-શબ્દની આરાધના'ના કર્મ મંત્ર સાથે રાજયના માહિતી વિભાગે પ્રચાર-પ્રસારના શ્રેષ્ઠ માધ્યમોના ઉપયોગ દ્વારા સમગ્ર દેશ અને દુનિયાને વિકાસના ગુજરાત મોડેલથી પરિચિત કર્યા છે. દેશમાં સત્તા પરિવર્તનનું કારણ બનેલા ગુજરાતના વિકાસને જન જન સુધી પહોંચાડનારા રાજયના માહિતી વિભાગને શ્રેષ્ઠ કામગીરી બદલ અભિનંદન આપવા ઘટે...તેમ આજે માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય માંગણીની ચર્ચાનો પ્રત્યુત્તર પાઠવતા મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

રાજયના કાયદો અને ન્યાય વિભાગના રાજયમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ આજે વિધાનસભા ગૃહમાં માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ ઉપરની ચર્ચાનો પ્રત્યુત્તર પાઠવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજયમાં અંતરિયાળ વિસ્તારમાં પ્રજાકીય યોજનાને પ્રચાર-પ્રસિદ્ધિ દ્વારા પહોંચાડવા માત્રથી માહિતી વિભાગ સંતોષ માનતો નથી પરંતુ લાભાર્થીની સાફલ્યગાથાને પણ રજૂ કરીને અન્ય લોકો માટે પ્રેરણા સ્ત્રોત પણ પૂરો પાડે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કૃષિ મહોત્સવ હોય કે કુપોષણ સામેની ગુજરાત રાજયની લડાઈ, બેરોજગાર યુવાનોને મદદરૂપ થવાની વાત હોય કે ભ્રષ્ટાચાર-મોંઘવારી સામેની લડત હોય રાજયનો માહિતી વિભાગ હંમેશા હકારાત્મક અભિગમ સાથે પ્રચાર-પ્રસિદ્ધિ દ્વારા પોતાના કર્મયોગમાં અગ્રેસર રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે એક ભારત શ્રેષ્ઠ ભારતના મંત્ર સાથે રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાની અસરકારક પ્રસિદ્ધિ માટે માહિતી વિભાગે શ્રેષ્ઠ આયોજન કર્યું છે.

અસરકારક પ્રચાર પ્રસિદ્ધિના શ્રેષ્ઠ આયોજનની માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રચાર પ્રસિદ્ધિના વિશાળ ફલક ઉપર વિસ્તરવા આ વિભાગે 'ગો - ગ્લોબલ'ના સુત્રને ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ આરંભ્યો છે. જેના ફળ સ્વરૂપે જ આ વર્ષે આ વિભાગે 'સોશિયલ મિડીયા' નામની નવી શાખા શરુ કરવાનું આયોજન કર્યું છે. એટલું જ નહીં આ વિભાગે ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં અખબારી યાદી પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે માધ્યમોમાં નકારાત્મક સમાચાર સામે હકારાત્મક વાત અને સત્ય હકિકત રજૂ કરવા આ વિભાગે 'મીડિયા રિસ્પોન્સ સિસ્ટમ' એમ.આર.એસ.નો સુચારુ અમલ કર્યો.

અંબાજી મંદિરની સુવર્ણમય શિખર માટેની યોજનાને અભૂતપુર્વ પ્રતિસાદ

પાલનપુર, તા. ૧૭

અંબાજી મંદિરની સુવર્ણમય શિખર માટેની યોજનાને અભૂતપુર્વ પ્રતિસાદ સાંપડી રહ્યો છે. માઈ ભક્તો મોટા પ્રમાણમાં ભેટ સોગાદો દાન પેટે આપી રહ્યા છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક વર્ષ અગાઉ એસ.બી.આઈ.ના સહયોગથી શરૂ થયેલ ઓનલાઈન ડોનેશન સ્કીમ હેઠળ ભારત સહિત દેશ-વિદેશના માઈ ભક્તો દ્વારા મા અંબેના સુવર્ણમય શિખર માટે અત્યાર સુધી રૂ. ૨,૦૧,૬૧,૦૯૬ ભેટ મળેલ છે. આ સ્કીમ હેઠળ આજે તા. ૧૭ જુલાઈ-૨૦૧૪ ના રોજ શાખાના બ્રાન્ચ મેનેજર દ્વારા ૨ કિલો ૭૫૦ ગ્રામ સોનુ જેની કિંમત રૂ. ૮૨,૧૨,૪૪૯ થાય છે. જેને વિધિવત રીતે જગદંબાના ચરણોમાં અર્પણ કરી પૂજન વિધિ કરવામાં આવી હતી.

આમ અત્યાર સુધી એસ.બી.આઈ. મારફત રૂ. ૧,૪૩,૬૭,૦૯૯ ની રકમનું ૪.૮૦ કિ.ગ્રા સોનુ માઈ ભક્તો દ્વારા મળેલ ભેટથી એસ.બી.આઈ. દ્વારા ટ્રસ્ટને આપવામાં આવેલ છે. મંદિરને હજુ વધુ સોનાની જરૂરીયાત હોઈ માઈ ભક્તોને એસ.બી.આઈ. દ્વારા ઘરે બેઠા અથવા અત્રે રૂબરૂ ટ્રસ્ટના ટેમ્પલ ઈન્સ્પેક્ટરને સુવર્ણ શિખર માટે ભેટ આપવા ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ભૂગર્ભ ગટર યોજના માટે કરાતા ખોદકામથી ખેડબ્રહ્મામાં ક્ષતિગ્રસ્ત શૌચાલય-ખાળકુવા ધરાશાયી

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૧૭

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા ૧૨ માસથી ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલી રહ્યું છે જેમાં ઠેર ઠેર ખાડા ખોદી નાખવાથી પ્રજા ભારે હાલાકીનો સામનો કરી રહી છે. ત્યારે વાલ્મિકી વાસમાં ચાલુ કરવામાં આવેલા કામમાં ૩૦ ફુટ ખોદકામ કરવામાં આવતા વાલ્મિકી સમાજવાડી પાસેના મકાનોમાં તિરાડો પડયા બાદ વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત બાંધકામ ધરાશાયી થઈ ગયું હતું. જયારે ખાળકુવા બેસી જવા પામ્યા હતા જેથી મકાન માલિકોને મોટું નુકશાન થવા પામ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વાલ્મિકી વાસના મકાનના પાછળના ભાગમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ શરૂ કર્યા બાદ મકાનના પાછળના ભાગમાં તિરાડો પડી હતી અને મશીનોથી ખોદકામ કરતા જમીનમાં ધ્રુજારી થવાથી ખાળકુવાને પણ નુકશાન થયું હતું. વરસાદમાં આ મકાનોને ભારે નુકશાન થવાની શકયતા અંગે પાલિકાનું ધ્યાન પણ દોરવામાં આવ્યું હતું. પણ પાલિકા દ્વારા કે ગટરના કોન્ટ્રાકટર દ્વારા કોઈ પગલા ભરવામાં ન આવતા ક્ષતિગ્રસ્ત બાંધકામ બુધવારે તુટી જવા પામ્યું છે. જેમાં રહીશ દિનેશભાઈ મકવાણાનું શૌચાલય તથા બાથરૂમની ત્રણ દિવાલો ધરાશાયી થઈ ગઈ હતી અને ખાળકુવા બેસી ગયા છે. આમ વાલ્મિકી સમાજના બે મકાનોને મોટું નુકશાન થવા પામ્યું છે. તેમ છતાં કોન્ટ્રાકટરો અને નગરપાલિકા તંત્ર દ્વારા સમગ્ર મામલે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

વસતિ નિયંત્રણ પર ભાર મુકતુ નાટક 'બસ, હવે સમજો તો સારૂ' ભજવવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૭

વિશ્વ વસ્તી નિયંત્રણ દિવસ અંતર્ગત તાલુકા બ્લોક કચેરી ગાંધીનગર દ્વારા આયોજીત 'બસ, હવે સમજો તો સારૂ, નાટક માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજ ખાતે યોજવામાં આવ્યો હતો.

દેશમાં વધતી વસ્તી એ ચિંતાનો વિષય બન્યો છે ત્યારે ગાંધીનગર તાલુકા બ્લોક કચેરી દ્વારા વસ્તી નિયંત્રણ માટે કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. વિશ્વ વસ્તી નિયંત્રણ દિન પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહી છે.

અડાલજમાં આવેલ શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુઘડ સંયુક્ત ઉપક્રમે અધ્યાપન મંદિરમાં 'બસ, હવે સમજો તો સારૂ' નાટક યોજવામાં આવ્યું હતું. અમદાવાદના કલાકારોએ અભિનયના ઓજસ પાથર્યા હતા.

નાટકમાં વધતી જતી વસ્તી વિસ્ફોટક છે, તેમજ આર્થિક, સામાજીક, જનની સુરક્ષા માતૃત્વ સ્વાસ્થ્ય જેવી બાબતોને સાંકળી લેવામાં આવી હતી. નાટકમાં મુકેશ જાની, રવિ રાઠોડ, અરૂણા ચૌહાણ, નિલમ કાપડી અને ભરત પંચોલીએ અભિનય કર્યો હતો. તેમજ પી.ટી.સી. કોલેજની તાલીમાર્થી રિશિતા પંચાલ, મિત્તલ પ્રજાપતિ, શિવાંગી ઝાલા અને નિશા ઠાકોરે પણ અભિનય કર્યો હતો.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા પંથકમાં સાફ-સફાઈના અભાવે મોટાભાગના વિસ્તારોમાં જાત-જાતની બિમારીના બિછાને પ્રજાજનો પડ્યા છે. ત્યારે બિમારીથી પરેશાન દર્દીઓ સારવાર માટે સરકારી રેફરલ હોસ્પિટલમાં આવી રહ્યા છે. જેની લાંબી કતારો દેશ્યમાન થાય છે.

યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પદે એમ.સી. પટેલની વરણી થઈ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિવર્સિટીના કાંટાળા રજિસ્ટ્રાર પર ઉપર આખરે એમ.સી. પટેલની નિમણૂંક કરવામાં આવી છે. એમસી પટેલ કાર્યકારી રજિસ્ટ્રાર બળદેવ પટેલે રાજીનામુ આપ્યા બાદ ખાલી પડેલ જગ્યાએ ચાર્જ સંભાળશે. ઉલ્લેખનીય છે છેલ્લા દશ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીમાં કામચલાઉ રજિસ્ટ્રારથી કામકાજ ચલાવવામાં આવી રહ્યું હતું. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી રજિસ્ટ્રાર બળદેવ પટેલે રાજીનામુ આપી દીધા બાદ યુનિવર્સિટી સત્તાવાળાઓ દ્વારા નવા રજિસ્ટ્રારની નિમણૂંક કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી મંગાવવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીને કુલ ૪૫ ઉમેદવારોની અરજી પ્રાપ્ત થઈ છે જેમાંથી યુનિવર્સિટી દ્વારા પાંચ જેટલા ઉમેદવારોની અરજી ક્વોલિફાઈ કરવામાં આવી હતી જે અંતર્ગત સોમવારે સિલેક્શન કમિટિના ઈન્ટરવ્યૂ યોજવામાં આવ્યા હતા. જેમાં ત્રણ ઉમેદવારો હાજર રહ્યા હતા. જેમાંથી એક ઉમેદવારે પગારમાં મુશ્કેલી હોવાથી જોડાયાની અનિચ્છા દર્શાવી હતી ત્યારે હવે યુનિવર્સિટી દ્વારા રજિસ્ટ્રાર પદે એમસી પટેલની નિમણૂંક કરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટીના આંતરિક રાજકારણ અને વારંવાર થતાં રાજકીય દબાવના કારણે યુનિવર્સિટીમાં કાર્યકારી રજિસ્ટ્રાર બળદેવ પટેલે થોડા સમય પહેલા પોતાના પદેથી રાજીનામુ આપી દીધું હ તું. ત્યારથી યુનિવર્સિટીના રજિસ્ટ્રારની જગ્યા ખાલી પડી હતી જેના કારણએ યુનિવર્સિટીના રોજિંદા કામકાજો અટવાઈ પડ્યા હતા.

શબ્દાવલી - ૫૪૫૦



આડી ચાવી

૧. સંક્ષિપતતાનું સારું લક્ષણ (૫)
૪. ગુનો, કસુર (૨)
૬. ઉભો પાક ખાનાર જીવડું, ટીડ (૨)
૮. કબુતર જેવું ભોળું પક્ષી(૨)
૧૦. ગરોળીને હિન્દીમાં... કહેવાય (૪)
૧૧. મનને હરી લે તેવું (૪)
૧૩. શ્રીરામની માતા (૩)
૧૪. કોઇની સાથે પાનું પડવું તે (૩)
૧૭. આઠ દેવોના એક મંડળમાંનો દરેક (૨)
૧૮. વાયુપુત્ર, હનુમાનજી (૫)
૨૦. મનુષ્ય ખાઉ, માણસોનો ભોગ લેનાર (૪)
૨૧. મેશ, જુસ્સો (૨)

ઊભી ચાવી

૧. લગ્નવિધિ દરમિયાન વરકન્યા વેદીમાં ડાંગર હોમે તે(૪)
૨. કોઇના બદલે, તરફથી...(૨)
૩. માલ, સરસનું અંગ્રેજી (૨)
૫. સંપુર્ણ, પુરેપુરું (૪)
૭. આશા વિનાનો, આશા મૂકી દીધી હોય તેવો (૪)
૯. ... મેળવવા બાંયધરી અને ખૂબ ધક્કા ખાવા પડે (૨)
૧૨. હત્યા કરનારો (૩)
૧૩. કુરૂવંશી ૧૦૦ ભાઇઓ(૩)
૧૪. હવા, વાયરો (૩)
૧૫. કાંટો, કંટક (૩)
૧૬. પડતી (૩)
૧૮. પંખી, ખગ (૨)
૧૯. પુત્રી, ઊંઘી ગયા (૨)

શબ્દાવલી ૫૪૪૯ના જવાબ

આડી ચાવી :- (૧) ચુનારો (૪) બસકત (૭) ગજબ (૮) વન (૧૦) પરબ (૧૧) જીર્ણશીર્ણ (૧૨) રગ (૧૪) કુલીન (૧૫) મથરાવટી (૧૭) કશુ (૧૮) મધુરજની (૨૧) વિદ્યય (૨૨) ગજ

ઊભી ચાવી :- (૧) ચુગલીખોર (૨) નાજ (૩) રોબ (૪) બલી (૫) કવર (૬) તનબદન (૯) પૂર્ણવિરામ (૧૦) પર્ણકુટીર (૧૩) ગમશુદ્ય (૧૬) વધુ (૧૭) કવિ (૧૯) જગ (૨૦) નીજ

લોકગાયક રાણપુરાને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાત લોકસાહિત્ય અને લોકસંગીતના સુપ્રસિદ્ધ લોકગાયક બાબુભાઈ રાણપુરાના અવસાન અંગે ઉંડા દુખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે. આનંદીબેન પટેલે સદ્‌ગત બાબુભાઈને શ્રદ્ધાંજલિ પાઠવતા સંદેશમાં, ગુજરાતી લોકસંગીતને આગવા કંઠથી વિશ્વમાં ગુંજતું કરનારા સ્વ. બાબુભાઈની ચીરવિદાયથી લોકસંગીત-લોકસાહિત્યને ન પુરાય તેવી ખોટ પડી છે.

ખેડૂતોમાં ખુશી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતો એવી વાતો કરી રહ્યા છે કે 'દેર સે આયે પર દુરસ્તી સે આયે મેઘરાજા' વરસાદના આગમનને કારણે જમીનમાં પાણીની જળસપાટી પર અને જમીનમાંના ભેજ તત્વને સારો ફાયદો થશે.

જિલ્લામાં જે વાવણીનું કાર્ય વરસાદ લંબાતા ખેચાયું હતું તેમાં નવો સંચાર થયો છે. ખેડૂતો હવે આનંદસભર વાવણીમાં જોતરાઈ જવા પામ્યા છે. જો કે હવે મેઘરાજા મન મુકીને વરસે તેવી મનોમન પ્રાર્થના પણ ખેડૂતો કરી રહ્યા છે.

ગઈ મધરાત બાદ થયેલા વરસાદના આગમનને ખેડૂતોએ હોંશભેર વધામણા કરી અને રાહતનો શ્વાસ લીધો છે. કપાસનો પાક જે વિલાતો હતો પરંતુ વરસાદના આગમનને કારણે રાહત થઈ છે.

જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે ખેડૂતો હવે દિવેલાના પાક તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરશે તેમજ ઘાસચારાના પાકને અગ્રતા આપશે તેમ મનાઈ રહ્યું છે. શાકભાજીના પાકોનું વાવેતર પણ જિલ્લામાં સારૂ થશે તેમ મનાઈ રહ્યું છે.

સમાજ ચિંતન... ● બીજા પાનાનું ચાલુ

ટીકા કરવાનો પણ અધિકાર છે. સમાજના લેખાજોખાં ખોટા પણ નથી હોતા, એક ૮૦ વર્ષના દાદાજી પરિવારના વિરોધ વચ્ચે લવમેરેજ કરે છે એ પણ એક ૪૫ વર્ષની છેલબટાઉ અને નટખટ યુવતી સાથે, યુવતી દાદાજીની લાગણીઓ સાથે રમત રમતી હતી. કારણ કે દાદાજી ગર્ભશ્રીમંત હતા. દાદાજી પાંચ કે દસ વર્ષના મહેમાન છે ત્યાં સુધી તેમને ખુશ રાખવામાં શો વાંધો? સમાજ આ જાણતો હતો પણ યુવતીના પ્રેમબાણથી ઘાયલ દાદાજીને દુનિયાની લેશમાત્ર પરવા ન હતી. દાદાજીને લાગતું આવી પ્રેમાળ પત્ની નસીબદારને જ મળે અને યુવતીએ ફક્ત બે જ વર્ષમાં દાદાજીને મોહવશ કરી બધી મિલ્કત પર કબજો કરી લીધો અને હવે તે પતિરાજના અંતિમ દિવસો ગણી રહી છે. તેને દાદાજીના (પતિરાજના) સગા સંબંધી કે પરીવાર સાથે નાતો તોડી નાખ્યો છે. પ્રેમ આંધળો છે તે કંઈ અમસ્તુ નહિ કહેવાયું હોય.

પતિના મૃત્યુ બાદ જીવનની ઢળતી સંધ્યાએ કોરી ખાતી એકલતામાં કોઈનો હુંફાળો સથવારો મળી રહે તે ઈરાદે અમદાવાદની ૬૨ વર્ષીય મહિલાએ ૬૮ વર્ષના સિનિયર સિટીઝન સાથે લગ્ન કર્યા, પણ તેના પતિનાં અગાઉના લગ્નથી થયેલ દીકરીઓ નવી માતાના સ્નેહના તાંતણે બાંધવાને બદલે પીઝા, બર્ગર, ઢોંસા જેવા ફાસ્ટફુડ રાંધીને પીરસી ન શક્વા બદલ તેમજ ઘરના મોભા પ્રમાણે બનીઠનીને ન રહેવા બદલ દીકરીઓ નવી મમ્મીને મહેણાટોણા મારવા લાગી અને વારંવાર અપમાનિત કરવા લાગી. પરિણામે અપમાન સહન ન થયાં આ મહિલાઓ વૃદ્ધાશ્રમનો આશરો લીધો. પોલીસ સ્ટેશનમાં અરજી આપી. પી.એસ.આઈ.એ. દીકરીઓને સમજાવી માતાનો સ્વીકાર કરવા કહ્યું અને મામલો થાળે પડ્યો.

આધેડ ઉંમરના લગ્નના આ કિસ્સા જોતાં એટલું કહી શકાય કે સમાજની વિચારધારામાં ક્યાંક જડતા છે તો ક્યાંક સમાજ એટલી અપેક્ષા રાખે છે કે તમે કંઈ કરો તેમાં મર્યાદાનો લોપ ન થવો જોઈએ. તમારી સ્વતંત્ર વિચારધારાને લોકો અનુમોદન આપશે પણ એનો મતલબ એ નહીં કે તમારી વિચારધારા બેલગામ હોય. તમારી વિચારધારાને સંસ્કૃતિના વાઘા પહેરાવવા જરૂરી છે અને તેમ છતાંય તમે બેફામ બની વર્તવા માગતા હોય તો સમાજ ચુપકીદી સેવી તમાશો જોયા કરશે અને પછી કોઈ તમારા માર્ગમાં આડે આવશે નહીં, પણ જયારે તમારે પસ્તાવાનો વારો આવે ત્યારે તમારી સાથે કોઈ હોતું નથી. તમારે એકલાએ તમારી મંઝીલ પાર કરવી પડશે. સામાજિક પ્રસંગોમાં નીતિ-ભયનો કે મર્યાદાના બંધન નહિ રહે તો સમાજ જીવવા જેવો નહિ રહે. વ્યક્તિ સ્વાતંત્ર્યની કયા ના છે? પણ કંઈક તો સમાજનું બંધન સ્વીકારો...?

ભાજપ ડોક્ટર સેલની આજે મહત્વની બેઠક

ભાજપ પ્રદેશ મિડિયા સેલની એક યાદી જણાવે છે કે, પ્રદેશ ડોક્ટર સેલ દ્વારા આવતીકાલે ૧૮મી જુલાઈ ૨૦૧૪ શુક્રવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે ડોક્ટર સેલના પ્રદેશ કન્વીનર ડો. વિષ્ણુભાઈ પટેલની અધ્યક્ષતામાં ડોક્ટર કેલની પ્રદેશ કારોબારી યોજાશે. આ કારોબારીમાં પ્રદેશ મહામંત્રી તથા ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી, વિવિધ સેલના પ્રદેશ પ્રભારી ડો. અનિલભાઈ પટેલ અને ગૌ સેવા આયોગ નિગમના ચેરમેન ડો. વલ્લભભાઈ કથિરિયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ ૩ સંસ્થાઓની અરજી ગ્રાહ્ય રાખી સંસ્થાઓને રૂ. ૧.૨૪ લાખની તથા યુગલોને રૂ. ૧૨.૩૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

આ યોજનામાં સહાય માટે આવેલ અરજીઓ બધીજ મંજૂર કરાતાં અરજીઓ નામંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

● **ડો. આંબેડકર આવાસ યોજના**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાયને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે આ યોજના હેઠળ આવાસો નહિ પણ સહાય ચુકવવામાં આવે છે.

તેમણે જણાયું છે કે ગાંધીનગર જિલ્લામાં આવી ૫૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. તેમણે જણાવ્યું છે કે આ યોજનામાં કોઈ ફાળો લેવામાં આવતો નથી. પરંતુ પોતાના મકાન બનાવવા માટે રૂ. સાત હજારનો શ્રમફાળો લાભાર્થીએ ભોગવવાનો હોય છે. આ આવાસ યોજનામાં રૂ. ૪૫ હજારની સહાય ચુકવવામાં આવે છે.

છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૧૦ મકાનો માટે અને તેમને રૂ. ૩.૦૬ લાખ, માણસામાં ૭ મકાનો માટે રૂ. ૨,૨૨ લાખ, કલોલમાં ૩૪ મકાનો માટે રૂ. ૧૩.૯૮ લાખ તથા દહેગામમાં ૬ મકાનો માટે રૂ. ૧.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

કર્મચારીઓની ગાંધીગીરી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ધારાસભ્યોને ગુલાબનું ફૂલ આપી ગાંધીગીરી દાખવી હતી. આ તબક્કે કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવાની સત્તા હોય તેમની સાથે જ ચર્ચા બેઠક યોજવા સમિતિ દ્વારા સૂચવાયું હતું. જેના અનુસંધાને તા. ૧૮ જુલાઈના રોજ સાંજે ૪ વાગે બ્લોક નં. ૧ ચોથા માળે સચિવ રૂમ નં. ૧ માં પડતર પ્રશ્નો અંગે સામાન્ય વહીવટ વિભાગના સચિવની અધ્યક્ષતામાં બેઠક યોજવાનો નિર્ણય લેવાયો છે તેમ સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ તેમજ ભવાનસિંહ પરમારે જણાવ્યું છે.

ફરી સજીવન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. પાંચ વર્ષમાં પ્રથમ વખત દુષ્કાળના વાદળો ઘેરાયા હતા. મોનસુની વરસાદ ભારતના કૃષિ સેક્ટર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કૃષિ સેકટર દેશના બે ટ્રીલિયન ડોલરના અર્થતંત્ર પૈકી ૧૪ ટકાની આસપાસ છે. ગ્રામીણ વિસ્તારમાં તેના ૧.૨ અબજ લોકો પૈકી બે તૃતીયાંશ લોકો આધાર રાખે છે. ગયા વર્ષે મોનસુની વરસાદના કારણે ખૂબ સારી સ્થિતિ રહી હતી.

ગયા વર્ષે નિર્ધારીત સમય કરતા એક મહિના પહેલા જ દેશના વિસ્તારો મોનસુન હેઠળ આવી ગયા હતા જેથી અનાજના રેકોર્ડ ઉત્પાદન માટેનો માર્ગ મોકળો થયો હતો. પરંતુ આ વખતે ઓછા વરસાદના કારણે સ્થિતિ ચિંતાજનક બનેલી છે. જોકે, હવે સ્થિતિમાં સુધારો થયો છે. સતત છ સપ્તાહ સુધી ઓછા વરસાદ બાદ મોનસુન ફરી સજીવન થયું છે. તેવી આશા છે કે, હવે વાવણીની પ્રક્રિયા ઝડપી બનશે. આઈએમડીમાં નેશનલ વેધર ફોરકાસ્ટીંગ સેન્ટરના વડા ડીપી યાદવે માહિતી આપતા કહ્યું છે કે, સક્રિય તબક્કો આગામી દસ દિવસ સુધી ચાલું રહી શકે છે. ભારતમાં પાંચ વર્ષમાં પ્રથમ વખત દુષ્કાળની સ્થિતિની શક્યતા ઉભી થઈ હતી. અડધાથી વધુ પાક વિસ્તારમાં હાલત કફોડી બનેલી છે. મોનસુની વરસાદમાં અછતનો આંકડો હવે ઘટી શકે છે. જેના કારણે તેલીબિયા અને કપાસના પટ્ટામાં ફાયદો થશે. છેલ્લા સપ્તાહમાં મોનસુની વરસાદ છેલ્લા સપ્તાહમાં સરેરાશ કરતા ૧૫ ટકા ઓછો હતો. આજે વાર્ષિક વરસાદ નિર્ધારીત સમયના બે દિવસ બાદ દેશભરમાં પહોંચ્યો છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ટર્ન ઓવર ૫ કરોડથી વધુ હોવું જોઈએ. સિક્યુરીટી એસોસીએશન ઓફ ઈન્ડીયાના મેમ્બર હોવા જોઈએ. **ESI** નંબર, **PFG** નંબર, સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન હોવું જોઈએ. તેમજ ટેન્ડરમાં દર્શાવેલ શરતોને આધિન વાર્ષિક ધોરણે સિક્યુરીટી કોન્ટ્રાકટ આપવાનો છે. ટેન્ડર ફી રૂ. ૫૦૦૦/- (નોન રીફંબેડબલ) ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૪/૭/૨૦૧૪ સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી, તા. ૨૫/૭/૨૦૧૪ સુધીમાં ભરેલ ટેન્ડર ફોર્મ સાથે રૂ. ૫૦,૦૦૦/-નો, અત્રેની સંસ્થાના નામનો, ડીમાન્ડ ડ્રાફ્ટ જોડી, ટેન્ડર સીલબંધ કવરમાં અત્રે રૂબરૂમાં પહોંચાડવાનું રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી